આત્મધર્મ

વર્ષ : ૪૦ [૪૭૯] અંક : ૩

કહાન સંવત : ૩

સપ્ટેમ્બર ૧૯૮૩



આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

સમ્યક્ત્વવિભૂષિત પ્રશમમૂર્તિ ધર્મરત્ન બહેનશ્રી ચંપાબેનની ૭૦ મી જન્મજયંતી પ્રસંગે, શ્રી કુંદકુંદ આદિ સમર્થ આચાર્યોની સમ્યક્ત્વ મહિમા પ્રકાશક કેટલીક ગાથા અત્રે આપવામાં આવી છે.

(૧) જેમ સૂર્ય ઘોર અંધકારનો નાશ કરે છે, પવન વાદળોને નષ્ટ કરે છે, અગ્નિ મહા વનનો નાશ કરે છે, વજ્ર પર્વતનો નાશ કરે છે તેમ સમ્યગ્દર્શન કર્મોનો નાશ કરે છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા–૫૨)

(૨) શ્રી આચાર્ય દેવ કહે છે કે હે જીવો ! તમે આ સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીવો. આ સમ્યગ્દર્શન અનુપમ સુખનો ભંડાર છે. સર્વ કલ્યાણનું બીજ છે. આ સંસાર-સમુદ્રથી તરવા માટે તે જહાજ છે. માત્ર ભવ્ય જીવો જ તેને પામી શકે છે. પાપરૂપી વૃક્ષને કાપવા માટે તે કુહાડી સમાન છે. પવિત્ર તીર્થોમાં તે જ પ્રધાન તીર્થ છે અને મિથ્યાત્વનો તે હણનાર છે.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૬ ગાથા–૫૯)

(૩) એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણલોકનું રાજ્ય મળતું હોય તો પણ ત્રણલોકના રાજ્ય કરતાં સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. ત્રણલોકનું રાજ્ય પામીને પણ અમુક નિશ્ચિતકાળ પછી ત્યાંથી પતન થશે જ અને સમ્યગ્દર્શનનો લાભ થતાં અવિનાશી મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. તેથી ત્રણલોકના રાજ્ય કરતાં સમ્યક્ત્વનો લાભ શ્રેષ્ઠ છે.

(શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા ૭૪૬–૪૭)

કહાન સંવત ૩
વર્ષ ૪૦
અંક ૩
[૪૭૯]

વીર સંવત ૨૫૦૯
A.D. 1983
SEPT

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

* ગુરુદેવ-સ્તુતિ *

[પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના અંતરમાંથી
વહેલી ભક્તિભાવભીની ગુરુ-સ્તુતિ]

વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે,
સુવર્ણપુરીમાં નિત્યે ચૈતન્યરસ વરસ્યા રે,
ઉજમબાને દ્વાર અતિ અતિ આનંદ છવાય રે.

આવો પધારો મારા સદ્ગુરુદેવા,
શી શી કરું તુજ ચરણની સેવા;
વિધવિધ રત્નોના થાળ ભરાવું રે,
વિધવિધ ભક્તિથી ગુરુને વધાવું રે....વિદેહ૦ ૧

દિવ્ય અચરજકારી ગુરુ અહો ! જાગ્યા,
પ્રભાવશાળી સંત અજોડ પધાર્યા;
વાણીની બંસરથી બ્રહ્માંડ ડોલે રે,
ગુરુગુણગીતો ગગનમાંહી ગાજે રે....વિદેહી૦ ૨





પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની

કલ્યાણકારી ૭૦ મી જન્મજયંતી પ્રસંગે

'બહેનશ્રીનાં વચનામૃતો'માંથી વીણેલાં ૭૦ અધ્યાત્મરત્નો



૧. સ્વાનુભૂતિકાળે અનંતગુણ સાગર આત્મા પોતાના આનંદાદિ ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. તે નિર્વિકલ્પ દશા અદ્ભુત છે, વચનાતીત છે, તે દશા પ્રગટતાં આખું જીવન પલટો ખાય છે.

૨. દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્ય તળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી.

૩. આત્મામાં અનંતગુણ રત્નોના ઓરડા ભરેલા છે. તે અદ્ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું.' તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ.

૪. જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે. તેમાં ચૈતન્યરસ ને આનંદ ભરેલા છે. તે ગુણમણિઓનો ભંડાર છે. આવા દિવ્યસ્વરૂપ, આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી અને પરવસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે!

૫. આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ. આત્માની લગની લાગવી જોઈએ.

૬. દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ – ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે.

૭. કોઈ પોતે ચક્રવર્તી રાજા હોવા છતાં, પોતાની પાસે ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, બહાર ભીખ માગે, તેમ તું પોતે ત્રણ લોકનો નાથ હોવા છતાં, તારી પાસે અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં 'પર પદાર્થ મને કંઈક જ્ઞાન દેજો, મને સુખ દેજો' એમ ભીખ માગ્યા કરે છે!

૮. 'મને ધનમાંથી સુખ મળજો, મને શરીરમાંથી સુખ મળજો, મને શુભ કાર્યોમાંથી સુખ મળજો, મને શુભ પરિણામમાંથી સુખ મળજો'

એમ તું ભીખ માગ્યા કરે છે! પણ બહારથી કંઈ મળતું નથી. ઉંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે તો અંદરથી જ બધું મળે છે.

૯. જેમ ભોંયરામાં જઈ યોગ્ય ચાવી વડે પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે અને દારિદ્ર ફીટે, તેમ ઉંડાણમાં જઈ જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવીથી ભ્રાંતિરૂપ તાળું ખોલી નાખવામાં આવે તો અનંત ગુણરૂપ નિધાન પ્રાપ્ત થાય અને માગણવૃત્તિ મટે.

૧૦. આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે? તું મિથ્યાત્વ છોડવાનો મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા–અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે.

૧૧. અનંત કાળથી જીવ ભ્રાન્તિને લીધે પરના કાર્ય કરવા મથે છે, પણ પર પદાર્થોના કાર્ય તે બિલકુલ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે.

૧૨. તું જ્ઞાયકસ્વભાવી છે. પૌદ્ગલિક શરીર–વાણી–મનથી તો તું જુદો જ છે, પણ શુભાશુભ ભાવો પણ તારો સ્વભાવ નથી. અજ્ઞાનને લીધે તેં પરમાં તેમ જ વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે, તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા.

૧૩. મરણ તો આવવાનું જ છે જ્યારે બધુંય છૂટી જશે. બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારના બધાંય દ્રવ્ય – ક્ષેત્ર – કાળ – ભાવ એક સાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે? મરણની વેદના

– કોણ – ભાવ અક્ષ[illegible]ાય છૂટતા તને કેટલુ દુઃખ થશે ? મરણની વેદના

પણ કેટલી હશે ? 'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે. પણ શું તને કોઈ બચાવી શકશે ?



૧૪. જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ–અનુભૂતિ કરી આત્મઆરાધના કરી હશે, આત્મામાંથી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. માટે અત્યારથી જ પ્રયત્ન કર.

૧૫. 'માથે મોત ભમે છે' એમ વારવાર સ્મરણમાં લાવીને પણ તું પુરૂષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે. જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે.

૧૬. ભવભ્રમણ ચાલુ રહે એવા ભવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે. તેનો ગંભીરતાથી વિચાર તો કર, નરકના ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળના આયુષ્ય કેમ પૂરાં થયાં હશે ?

૧૭. નરકના દુઃખ સાંભળ્યાં જાય એવા નથી. પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેમાંથી અનંતાનંતગુણા દુઃખ પડયા છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી ? ગફલતમાં કેમ રહે છે ?

૧૮. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ

મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે, તો ક્યા ભવે કરશે ? હે જીવ ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનાર સત્પુરુષ ફરીફરી નહિ મળે.



૧૯. દેવ–ગુરુની વાણી અને દેવ–શાસ્ત્ર–ગુરુનો મહિમા ચૈતન્ય-દેવનો મહિમા જાગૃત કરવામાં, તેના ઉંડા સંસ્કાર દૃઢ કરવામાં તેમ જ સ્વરૂપપ્રાપ્તિ કરવામાં નિમિત્તો છે.





૨૦. જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફુલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ–માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે.



૨૧. વિકલ્પથી મલિન થઈ – મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છે; અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે.



૨૨. અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે. તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતા વિભાવમાં તન્મય થઈ જાય છે, તે તન્મયતા છોડ.

૨૩. નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું (યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે.







૨૪. જેને ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી હોય તો તે ક્યાંય અટકતો નથી, અને તે જીવને જ્ઞાનની કોઈ ભુલ રહી ગઈ હોય તો તે પણ સ્વભાવની લગનીના બળે નીકળી જાય છે; અંતરની ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ ક્યાંય અટક્યા વિના પોતાના આત્માને પ્રાપ્ત કરી લે છે.

૨૫. અનાદિકાળથી આત્માએ પોતાનું સ્વરૂપ છોડ્યું નથી, પણ ભ્રાન્તિને લીધે 'છોડી દીધું છે' એમ તેને ભાસ્યું છે. અનાદિકાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે, જ્ઞાયકસ્વરૂપ જ છે. અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે.

૨૬. વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતોનું હાર્દ સમજીને શુદ્ધ ચૈતન્યભાવનારૂપ ઉપાદાન – ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ ટળે છે; તેથી વીતરાગનાં વચનામૃતને ભવરોગનાં નિમિત્ત – ઔષધ કહેવામાં આવ્યા છે.

૨૭. શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ – અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

૨૮. જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે – એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે અને સુખની ઘડી આવશે.

૨૯. જિજ્ઞાસુને વિચારો ચોવીશે કલાક ન ચાલે, પણ આત્માની ખટક, લગની, રુચિ, ધગશ રહ્યા કરે. 'મારે આત્માનું કરવું છે, મારે આત્માને ઓળખવો છે' એમ લક્ષ આત્મા તરફ વારંવાર વાળ્યા કરે.





૩૦. જે શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાને નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો અને જે ચિંતનથી નિર્ણયમાં દૃઢતા થતી હોય અને વિશેષ લાભ થતો હોય તો એવું પ્રયોજનભૂત ચિંતન વિશેષ કરવું. પોતાની પરિણતિને લાભ થાય તેમ કરવું.

૩૧. અજ્ઞાનીએ અનાદિ કાળથી અનંત જ્ઞાન – આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે અને પોતે બહાર રખડયા કરે છે. જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે. પોતે ભગવાન હોવા છતાં ભિક્ષા માગ્યા કરે છે.

૩૨. ભેદજ્ઞાનની ઉગ્રતા, તેની લગની, તેની જ તીવ્રતા હોય; શબ્દથી વર્ણન ન થઈ શકે. અભ્યાસ કરે, ઊંડાણમાં જાય, તેના તળમાં જઈને ઓળખે, તળમાં જઈને ઠરે તો પ્રાપ્ત થાય – જ્ઞાયક પ્રગટ થાય.

૩૩. જેમ પિતાનો અણુસાર પુત્રમાં દેખાય તેમ જિનભગવાનનો અણુસાર મુનિરાજમાં દેખાય છે. જાણે હાલતા ચાલતા સિદ્ધ!

૩૪. ઉપસર્ગના ટાણાં આવે ત્યારે મુનિરાજને એમ થાય છે કે 'મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો કરવાનો મને મોકો મળ્યો માટે ઉપસર્ગ મારો મિત્ર છે.' અંતરંગ મુનિદશા અદ્‌ભુત છે; દેહમાં પણ ઉપશમ રસના ઢાળા ઢળી ગયા હોય છે.

૩૫. બહારથી જોતાં ભલે મુનિરાજની ચારે તરફ ઘનઘોર અંધારું

૩૫. બહારથી જોતાં ભલે મુનિરાજની ચારે તરફ ઘનઘોર અંધારું

વ્યાપ્યું હોય, પણ અંદરમાં જોતાં મુનિરાજના આત્માને વિષે આત્મ-જ્ઞાનના અજવાળાં પ્રસરી ગયા છે. બહારથી જોતાં ભલે મુનિરાજ સૂર્યના પ્રખર તાપમાં ધ્યાન કરતાં હોય, પણ અંદરમાં તેઓ સંયમરૂપી કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે.

૩૬. બહારથી જોતાં તો મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે. પણ અંદરમાં જોતા અનંતગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં તેમનો વાસ છે. બહારથી જોતાં ભલે તેઓ ક્ષુધાવંત હોય, તૃષાવંત હોય, ઉપવાસી હોય, પણ અંદરમાં જોતાં તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે.

૩૭. બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, જ્ઞાન માર્ગ દેખાડે છે. મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે, ક્રિયાથી નહિ. માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગ પ્રાપ્તિના પ્રબળ નિમિત્ત છે.

૩૮. મુનિરાજ કહે છે—અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે. તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પીવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પીવાય એવી પૂર્ણ દશા જોઈએ છે.

૩૯. 'સ્વભાવ' શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઉતરી જાય, રૂંવાટે રૂવાટાં ખડા થઈ જાય, એટલું હૃદયમાં થાય, અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે.





૪૦. જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્મામાં ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ છે. પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી.



૪૧. આત્મામાં પુરુષાર્થ કરવાની કળ સૂઝી ગઈ એટલે કોઈ વાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય, અને ક્યારેક સહજ જેમ હોય તેમ રહે.



૪૨. જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે. પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થસ્વરૂપની જ ખબર નથી.





૪૩. 'હું જ્ઞાયક ને આ પર' બાકી બધા જાણવાનાં પડખાં છે. 'હું જ્ઞાયક છું, બાકી બધું પર' – આ એક ધારાએ ઉપડે તો એમાં બધું આવી જાય છે.





૪૪. અમૃતવાણીની મીઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને વનવાસમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ! આવો તો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે. તો જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમાની તો શી વાત કરવી!

૪૫. જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયક-ભાવને પકડવાથી બધું હાથ આવશે. શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે.

૪૬. જેમ પતંગ આકાશમાં ઉડે પણ દોર હાથમાં હોય છે, તેમ

૪૬. જેમ પતંગ આકાશમાં ઉડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો. વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય.



૪૭. આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઉભા છે, રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઉભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે.



૪૮. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે–એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.



૪૯. પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન – શ્રવણ – મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભ ભાવથી સંતોષાઈ ન જવું. આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઈએ કે આ બધું છે પણ માર્ગ તો કોઈ જુદો જ છે.

૫૦. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી.

૫૧. મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય, પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય. તેને સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી માટે મૂંઝવણ થાય, પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે.

૫૨. અંતરના તળિયાં તપાસી આત્માને ઓળખ. શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી 'મેં ઘણું જ કર્યું છે.' એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે.

૫૩. સ્વભાવે દ્રવ્ય તો અનાદિ-અનંત છે જે ફરતું નથી, બદલાતું નથી, તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું ધ્યાન કરવાથી, પોતાની વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે.

૫૪. જ્ઞાન પોતે વૈરાગ્યની મસ્તીને ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે. જ્ઞાન સહિતનું જીવન નિયમની વૈરાગ્યમય જ હોય છે.

૫૫. અંદરમાં, ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવા યોગ્ય છે; તે જ મંગળ છે, તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે, ભવ્યજીવોને તે આત્મતત્ત્વ જ એક શરણ છે.

૫૬. શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે. તે ન પ્રગટે ત્યાં સુધી અને પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, સ્વાધ્યાય, આદિ સાધન હોય છે.

૫૭. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી તેથી તે બુદ્ધિના ઉધાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે.

૫૮. જીવન આત્મામય જ કરી લેવું જોઈએ. ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય પણ પ્રતીતિમાં એમ જ હોય કે આ કાર્ય કર્યે લાભ છે મારે આ જ કરવું છે; તે વર્તમાન પાત્ર છે.

૫૯. જેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં, ઉપાધિઓમાં,

જંજાળમાં ફસાયેલા પણ માણસ તરીકે છૂટો છે; તેમ જીવ સ્વભાવની જાળમાં બંધાયેલ છે, ફસાયેલ છે પણ પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે એમ જણાય. ચૈતન્ય પદાર્થ તો છૂટો જ છે.

૬૦. તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે; તારી મતિ સરળ અને સવળી થઈ આત્મામાં પરિણમી જશે.



૬૧. આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું. જે ધ્યેયે ચડયો તે પૂર્ણ કરજે, જરૂર સિદ્ધિ થશે.

૬૨. શરીર શરીરનું કાર્ય કરે છે, આત્મા આત્માનું કાર્ય કરે છે. બંને ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે, તેમાં આ શરીરાદિ મારાં એમ માની સુખ–દુઃખ ન કર.

૬૩. પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી પોતે જે તત્ત્વને પકડયું હોય તેનું મંથન કરવું જોઈએ. નિવૃત્તિકાળમાં પોતાની પરિણતિમાં રસ આવે તેવાં પુસ્તકોનું વાંચન કરીને પોતાની લગનીને જાગૃત રાખવી જોઈએ.



૬૪. જ્ઞાનીને દૃષ્ટિ–અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે, જોકે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે.

૬૫. અંદર (આત્મામાં) અમૃતફળોનું ચૈતન્યવૃક્ષ પડયુ છે તેને જો તો અનેક જાતનાં મધુર ફળ અને રસ તને મળશે, તું તૃપ્ત તૃપ્ત થઈશ.

૬૬. વાણીથી અને વિભાવોથી જુદું છતાં કથંચિત્ ગુરુવચનોથી

જાણી શકાય એવું જે ચૈતન્યતત્ત્વ તેની અગાધતા, અપૂર્વતા, અચિંત્યતા ગુરુ બતાવે છે.





૬૭. સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, 'આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે. ભલે હજી અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો.

૬૮. ચૈતન્યપરિણતિ તે જ જીવન છે. બહારનું તો અનંતવાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે.

૬૯. પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો. રુચિ વધારતા જવી. ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે. 'જ્ઞાયક' 'જ્ઞાયક' 'જ્ઞાયક'—એની રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ.

૭૦. મારે કાંઈ જોઈતું જ નથી, કોઈ પર પદાર્થની લાલસા નથી, આત્મા જ જોઈએ—એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે.

—*—





સમ્યગ્દૃષ્ટિને જગતની કોઈ ચીજ સુંદર લગતી નથી

સમ્યગ્દૃષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના – બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ–કસ વગરનું હોય એવા ભાવે બહાર ઊભા છે. ૩૨.

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

'સમ્યગ્દૃષ્ટિને, આત્માને છોડી બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી.'

આત્મામાં અપરિમિત આનંદ છે; પર્યાયમાં તેનો જેને સ્વાદ આવ્યો છે એને બહારમાં ક્યાંય ગોઠતું નથી. બહારમાં અનુકૂળતા છે માટે ઠીક છે એમેય નથી; સ્વના આનંદ સિવાય જ્ઞાનીને બહાર ક્યાંય ગોઠતું નથી, સારું લાગતું નથી. અરે! શુભભાવમાં પણ જ્ઞાનીને સારું લાગતું નથી. સમ્યગ્દૃષ્ટિને સ્વાત્માની સર્વોત્કૃષ્ટતા આગળ સ્વ-આત્મામાં અતીન્દ્રય અતીન્દ્રિય અતીન્દ્રિય આનંદ છે કે જે ચોરાશીના અવતારમાં ક્યાંય જોયો નહોતો, જાણ્યો નહોતો એવા આનંદનો જેને અનુભવ છે એને પોતાના આનંદ સિવાય બીજે ક્યાંય ગોઠતું નથી, ક્યાંય સારું લાગતું નથી.

સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી પરણવા ગયા હોય તોપણ એમાં તેને સારું લાગતું નથી. જ્ઞાની રાગને પર તરીકે જાણે છે, પોતા તરીકે જાણતો જ નથી; ગમે તો શુભરાગ હો કે અશુભ રાગ હો પણ એ ભાવ છે તો વ્યભિચાર અને ઝેરનો ઘડો. હું શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું એવી અનુભૂતિરૂપ પરિણમનના કારણે અંદરમાં જ સારું લાગવાની અપેક્ષાએ જ્ઞાનીને બહારમાં ક્યાય સારું લાગતું નથી, ક્યાંય ગોઠતું નથી.

ધર્માત્માને જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી; કેમ કે અંદર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ—પ્રભુ એ જ સુંદર છે, એના પ્રેમ આગળ બીજે ક્યાંય પ્રેમ ચોંટતો નથી. આસક્તિનો જરી પ્રેમ છે, પણ મારાપણાનો પ્રેમ જરીયે નથી.

જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી.

જેણે દૂધપાકનો રસ ચાખ્યો તેને સડેલી લાલ જારના ફોતરાંના રોટલા સારા ન લાગે, એમ જેણે આનંદસ્વરૂપ નિજ પ્રભુના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખ્યો તેને જગતની કોઈ ચીજનો પ્રેમ લાગતો નથી, ચૈતન્યના મહિમા ને રસ આગળ એને બાહ્ય વિષયોનો રસ છૂટી ગયો છે, બહારમાં ક્યાંય રસ નથી. એટલે કે વિષયોમાં એકાકારપણું નથી.

'અનુભવપ્રકાશ'માં રસનો અર્થ કર્યો છે. સમયસારના પહેલાં જીવઅધિકારમાં—પૂર્વરંગમાં—પણ રસનો અર્થ કર્યો છે....'સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઇચ્છા ન રહે તે રસ છે.' જ્ઞાનીને જ્ઞાનમાં એકાકાર થવું તે રસ છે અને અજ્ઞાનીને જ્ઞેયમાં એકાકાર થઈ જવું તે રસ છે. રાગ અને પરમાં એકાકાર થઈને રસ લેવો એ જ્ઞાનીને હોતું નથી.

સમકિતી ચક્રવર્તીને વિષયની વાસના આવે એ વખતે પણ એને અંદર તેની મીઠાસ અને રસ નથી: એને તરત જ બીજી ક્ષણે ધ્યાનમાં બેસે ને આનંદનો રસ આવે છે, વિશેષ આનંદ આવે છે. વિશેષ એટલે કે વિકલ્પ પરમાં હતો ત્યારે પણ જેટલી અંદર શુદ્ધિ પરિણમી છે તેટલો આનંદ તો નિરંતર છે, પણ વિકલ્પમાંથી છૂટીને અંદરમાં જાય છે ત્યારે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એક થઈને વિશેષ આનંદ આવે છે, આનંદની ધારા વધે છે. એ એને બીજે ક્યાંય પ્રેમ લાગવા દેતો નથી; તેને કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. સુંદર રૂપાળું શરીર હોય અથવા જગતની બીજી કોઈ પણ ચીજ હોય એ બધું જડનું અસ્તિત્વ છે. ચૈતન્યના અસ્તિત્વમાં રસ લાગ્યો તેને જડના કોઈ પણ અસ્તિત્વની સુંદરતામાં રસ લાગતો નથી. અહા! એકલું માખણ છે! ચીજ આવી છે! વસ્તુનું સ્વરૂપ આવું છે!

'અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના – બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ – કસ વગરનું હોય એવા ભાવે – બહાર ઊભા છે.

ધર્માત્માને જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી; કેમ કે અંદર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ—પ્રભુ એ જ સુંદર છે, એના પ્રેમ આગળ બીજે ક્યાંય પ્રેમ ચોંટતો નથી. આસક્તિનો જરી પ્રેમ છે, પણ મારાપણાનો પ્રેમ જરીયે નથી.

જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી.

જેણે દૂધપાકનો રસ ચાખ્યો તેને સડેલી લાલ જારના ફોતરાંના રોટલા સારા ન લાગે, એમ જેણે આનંદસ્વરૂપ નિજ પ્રભુના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખ્યો તેને જગતની કોઈ ચીજનો પ્રેમ લાગતો નથી, ચૈતન્યના મહિમા ને રસ આગળ એને બાહ્ય વિષયોનો રસ છૂટી ગયો છે, બહારમાં ક્યાંય રસ નથી. એટલે કે વિષયોમાં એકાકારપણું નથી.

'અનુભવપ્રકાશ' માં રસનો અર્થ કર્યો છે. સમયસારના પહેલાં જીવઅધિકારમાં—પૂર્વરંગમાં—પણ રસનો અર્થ કર્યો છે....'સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઇચ્છા ન રહે તે રસ છે.' જ્ઞાનીને જ્ઞાનમાં એકાકાર થવું તે રસ છે અને અજ્ઞાનીને જ્ઞેયમાં એકાકાર થઈ જવું તે રસ છે. રાગ અને પરમાં એકાકાર થઈને રસ લેવો એ જ્ઞાનીને હોતું નથી.

સમકિતી ચક્રવર્તીને વિષયની વાસના આવે એ વખતે પણ એને અંદર તેની મીઠાસ અને રસ નથી: એને તરત જ બીજી ક્ષણે ધ્યાનમાં બેસે ને આનંદનો રસ આવે છે, વિશેષ આનંદ આવે છે. વિશેષ એટલે કે વિકલ્પ પરમાં હતો ત્યારે પણ જેટલી અંદર શુદ્ધિ પરિણમી છે તેટલો આનંદ તો નિરંતર છે, પણ વિકલ્પમાંથી છૂટીને અંદરમાં જાય છે ત્યારે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એક થઈને વિશેષ આનંદ આવે છે, આનંદની ધારા વધે છે. એ એને બીજે ક્યાંય પ્રેમ લાગવા દેતો નથી; તેને કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. સુંદર રૂપાળું શરીર હોય અથવા જગતની બીજી કોઈ પણ ચીજ હોય એ બધું જડનું અસ્તિત્વ છે. ચૈતન્યના અસ્તિત્વમાં રસ લાગ્યો તેને જડના કોઈ પણ અસ્તિત્વની સુંદરતામાં રસ લાગતો નથી. અહા! એકલું માખણ છે! ચીજ આવી છે! વસ્તુનું સ્વરૂપ આવું છે!

'અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના – બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ – કસ વગરનું હોય એવા ભાવે – બહાર ઊભા છે.

અનાદિના અભ્યાસને લઈને જરી અસ્થિરતાનાં ભાવ આવે છે, અંદર સ્વરૂપમાં વિશેષ સ્થિર રહી શકાતું નથી. સ્વરૂપના ધ્યાનમાં તો પોતે જ જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય— એવી એકરૂપ દશાનો અનુભવ હોય છે. એ દશામાં વિશેષ ટકી શકે નહિ તેથી જ્ઞાનીને રાગ આવે છે, ઉપયોગ બહાર જાય છે. પણ એ બધું રસ વિના હોય છે બહારથી એવું લાગે કે ભગવાનની ભક્તિ કરે છે, સ્તુતિ કરે છે, છતાં એ ભાવમાં રસ નથી. આ વાત સમજવા માટે ઘણી જ ધીરજ તથા ઘણો પુરુષાર્થ જોઈએ છે. પુરુષાર્થની દિશા જે પર તરફ–રાગ તરફ–છે તેમાં પલટો મારીને અંદરમાં વાળવો. પુરુષાર્થ કાંઈ બહારના ભણતરથી આવી જતો નથી.

અનાદિથી પરનો ને વિભાવનો જે અભ્યાસ છે, એમાંથી છૂટીને અંદર સ્વના અભ્યાસમાં આવવું; પછી અસ્થિરતાને લઈને ઉપયોગ જરી બહાર આવે, પણ તે રસ વિના–બધું નિઃસાર, ફોતરાં જેવું રસ–કસ વિનાનું હોય એવા ભાવે–બહારમાં જોડાય છે. જે રસ–કસ છે એ તો મારું સ્વરૂપ છે; આનંદ, જ્ઞાન અને પ્રભુતા–એ તો હું છું; આ શુભાશુભ રાગ એ તો ફોતરાં સમાન છે. નિઃસાર છે. સકરકંદમાં અંદર મીઠાસનો પિંડ છે એ તેનો કસ છે, ઉપરની છાલ તો કસ વિનાની નિઃસાર છે; એમ ધર્મીને નિજ આત્માનાં પૂરણ આનંદ, પૂરણ જ્ઞાન ને ધ્રુવ–સ્વભાવરૂપ કસ આગળ રાગ આદિ તેમ જ બહારના સંયોગ એ બધુ ફોતરાં જેવું રસ–કસ વગરનું લાગે છે. એને બહારમાં રસ નથી અને કસ તો એમાં દેખાતો નથી; રસ–કસ તો અંદર આત્મામાં છે. રસ–કસ વગરનું હોય એવા ભાવે જ્ઞાની બહાર ઊભા છે.

એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ; તેમ જેને આત્માનો રસ છે એને રાગાદિનો રસ ઊડી જાય, અને જેને રાગાદિનો રસ છે તેને આત્માનો રસ આવી શકે નહિ, ચાહે તો દયા પાળવાનો ભાવ હોય. પણ એ રાગ છે. ખરેખર તો રાગની ઉત્પતિ ન થવી એ જ સાચી સ્વ–દયા છે એનું નામ 'अहिंसा परमो धर्मः' છે. વ્યવહારમાં તો બોલવામાં આવે કે બીજાની દયા પાળો, વ્રત પાળો, બીજાનું રક્ષણ કરો, જોઈને ચાલો, પણ એ બધા વિકલ્પો છે, શુભરાગ છે. જ્ઞાનીને એનો રસ નથી, એ બહારનું બધું રસ–કસ વગરનું હોય એવા ભાવે ઊભા છે. જ્યાં અંતરની દૃષ્ટિ છે ત્યાં બહારનો બધો રસ ઊડી જાય છે, અને જેને બહારનો શુભ રાગનો–રસ છે એને ચૈતન્યનો રસ હોતો નથી. રાગના રસવાળો જીવ રાગનો જરીયે આદર કરતો નથી.

卐 વિષાપહાર સ્તોત્ર 卐

(પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(પ્રવચન છઠ્ઠું-પૂર્વાર્ધ)

આ ઋષભદેવ ભગવાનની સ્તુતિ છે. મહાકવિ ધનંજયે આ વિષક અપહાર સ્તુતિ લખી છે. ખરેખર તો આ આત્માની સ્તુતિ છે. વ્યવહારથી ઋષભદેવ ભગવાનનું લક્ષ કરીને આ સ્તુતિ કરી છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપી ઝેરને ઉતારનાર આ સ્તુતિ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એ વાત તો એમ જ છે. પણ અહીં તો પુણ્યનો ઉદય હોય અને ધર્મના આરાધક જીવને પોતાની ભૂમિકામાં સત્ના વિકલ્પો આવે ત્યાં બાહ્ય-અભ્યંતર બધું અનુકુળ હોય તો પ્રતિકુળતા ટળી જાય છે. પણ અહીં પ્રતિકૂળતા ટળી જાય તેની મુખ્યતા નથી. અહીં તો આત્માની આરાધનાની મુખ્યતા છે.

આગળ એમ કહ્યું કે હે ભગવાન્! આપે તો એક જ પ્રકારનો મોક્ષમાર્ગ બતાવ્યો છે જ્યારે અન્યમતના અન્ય દેવોએ અનેક પ્રકારનો મોક્ષમાર્ગ બતાવ્યો છે, પણ તે લોકો વસ્તુના સ્વરૂપને જાણતાં નથી. આપે તો વસ્તુના સ્વરૂપને પ્રાપ્ત કરવાનો -આરાધનાનો એક જ માર્ગ બતાવ્યો છે. જૈનશાસ્ત્રમાં નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે મોક્ષમાર્ગનું કથન કર્યું છે, પણ એ તો ઉપચારથી કથન કર્યું છે. ખરેખર તો નિશ્ચય એક જ મોક્ષમાર્ગ છે તેમ આપે બતાવ્યું છે. એમ કહીને કવિએ ભગવાનની સ્તુતિ કરી છે. હવે કહે છે કે :—

स्वर्भानुरर्कस्य हविर्भुजोडम्भः, कल्पान्तवातोडम्बुनिधेर्विघातः ।
संसारभोगस्य वियोगभावो, विपक्षपूर्वाभ्युदयास्त्वदन्ये ।। २६ ।।

રવિ કો રાહુ રોકતા હૈ પાવક કો વારિ બુઝાતા હૈ,
પ્રલયકાલ કા પ્રબલ પવન, જલનિધિ કો નાચ નચાતા હૈ;
ઐસે હી ભવ-ભોગોં કો, ઉનકા વિયોગ હરતા સ્વયમેવ,
તુમ સિવાય સબકી બઢતી પર, ઘાતક લગે હુએ હૈ દેવ. ૨૬.

જુઓ આ સ્તુતિ! રાહુ સૂર્યનો ઘાતક છે, પાણી અગ્નિને ઘાતે છે, પ્રલયકાળનો વાયુ સમુદ્રના પાણીને નચાવે છે તેવી જ રીતે સંસારના ભોગો પણ તેના નાશ વડે વિયોગ પામે છે અર્થાત સંસારના સંયોગને વિયોગ શત્રુ છે. હે નાથ! આ રીતે આપથી જુદા બધા પદાર્થો વિનાશની સાથે જ ઉદય થાય છે. ઉત્પત્તિની સાથે નાશ હોય જ છે. નાશવાન પદાર્થ વિયોગ લઈને જ ઉદય થાય છે. તત્વાર્થસારમાં પણ અનિત્યભાવનામાં

લીધું છે કે આ શરીર જન્મ પામે છે તે પહેલાં જ અનિત્યતાએ તેને ગોદમાં લીધું છે. માતા ગોદમાં પછી લ્યે છે. બાળકનો જન્મ થાય અને માતા તેને ગોદમાં લ્યે તે પહેલાં તો અનિત્યતાએ બાળકને ગોદમાં લઈ લીધું છે. આમ શરીરની અનિત્યતા બતાવી છે.

અહીં કહે છે કે પ્રભુ! જગતના બહારના ઉદયો વિપક્ષ-શત્રુ સહિત હોય છે. પરંતુ આપનો ઉદય એવો છે કે આપનું આરાધન કરે તેને પછી કોઈ વિપક્ષ-શત્રુ હોઈ શકે નહિ. બીજી રીતે કહીએ તો પુણ્યના ભાવ છે તે પણ વિપક્ષ-શત્રુ સહિત છે તેને પણ તેનો શત્રુ પાપનો ઉદય આવ્યા વગર રહેશે નહિ. પણ હે નાથ! ચિદાનંદ મૂર્તિ પ્રભુ! તારું આરાધન જે કરે-અખંડ આનંદનું સેવન કરે-શ્રદ્ધાજ્ઞાનચારિત્રથી જે તારું આરાધન કરે તેને વિપક્ષ અર્થાત્ કોઈ તેને પાછું પાડનાર નથી.

લૌકિકમાં ભર્તૃહરિના શ્લોકમાં આવે છે કે ભોગે રોગ ભયં, કુલે ચ્યુતિ ભયં, અર્થાત્ જગતના બધા પદાર્થો ભય સહિત છે. બનારસીદાસે નાટક-સમયસારમાં પણ કહ્યું છે કે બધે ભય છે. એક આત્માની ઉદાસીન દશામાં નિર્ભયતા છે. બાકી પુણ્યનું આરાધન, પાપનું આરાધન બધાય પ્રતિકુળતારૂપ શત્રુથી નાશ પામનારા છે.

અજ્ઞાનીઓ કહે છે કે બહુ પુણ્ય કરીએ પછી હળવે હળવે પવિત્રતા પ્રગટશે -સમ્યગ્દર્શન પ્રગટશે, તેને આચાર્યદેવ કહે છે કે એક વાર તારા બાંધેલા પુણ્યની શું સ્થિતિ થશે તે સાંભળ.

મિથ્યાદૃષ્ટિપણામાં કદાચિત્ રાગ ઘણો મંદ થઈ જાય તો શાતાવેદનીય કર્મની ૧૫ કોડાકોડી સાગરોપમની સ્થિતિ બંધાય જાય છે. સમ્યગ્દૃષ્ટિને એટલી સ્થિતિ ન હોય. ધર્મી જીવને સંસારની સ્થિતિનું લાંબુ કર્મ હોઈ શકે નહિ. ચૈતન્યમૂર્તિ નિર્વિકલ્પ વીતરાગ-સ્વભાવની જેને શ્રદ્ધા-જ્ઞાનની આરાધના છે તેને જે શુભભાવ થાય તેમાં શાતાવેદનીય કર્મની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમની જ બંધાય છે. ધર્મીને શાતાવેદનીય કર્મની સ્થિતિ ઓછી પડે પણ અનુભાગ વધુ પડે છે. જ્યારે અજ્ઞાનીને શાતાવેદનીય કર્મની સ્થિતિ લાંબી પડે છે પરંતુ અનુભાગ ઓછો પડે છે. ત્રસની ઉત્કૃષ્ટ સ્થિતિ જ બે હજાર સાગરની છે અને અજ્ઞાનીએ શાતાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૫ કોડાકોડી સાગરની બાંધી હોય પણ તે સ્થિતિને તે ભોગવી શકતો નથી. મિથ્યાદૃષ્ટિપણે શુભભાવનું આરાધન કર્યું છે તેથી તેને અશુભભાવ આવ્યા વિના રહેશે નહિ. ત્રસનો કાળ પુરો થતાં તે ૧૫ કોડાકોડીની સ્થિતિને તોડીને નિગોદમાં ચાલ્યો જશે. આ રીતે મિથ્યાદૃષ્ટિને ભલે શાતાવેદનીયની ૧૫ કોડાકોડી સાગરની સ્થિતિ પડે પણ તે ભોગવી શકતો નથી. તેથી જ કહ્યું કે શાતાવેદનીય પણ વિપક્ષ સહિત છે. તેનો શત્રુ-પાપનો ઉદય અજ્ઞાનીને આવ્યા વગર રહેશે નહિ.

ભગવાનની સ્તુતિ એટલે આત્માની જ સ્તુતિ છે તથા ભગવાનની ભક્તિ એટલે

આત્માની જ ભક્તિ છે. વચ્ચે વિકલ્પ આવે તે વ્યવહાર ભક્તિ છે. ધ્રુવ ચૈતન્યપ્રભુ તેની સેવા અને આરાધના કરનાર ધર્મી જીવને શુભભાવ થાય અને અંતઃકોડાકોડીની શાતા-વેદનીય બંધાય તોપણ તેને કોઈ વિપક્ષ નથી. એના સ્વભાવની સ્થિરતા દ્વારા તેટલી સ્થિતિને પણ તે તોડીને શુદ્ધોપયોગને પામીને કેવળજ્ઞાનને પામશે.

હે પ્રભુ! સંસારના દરેક પદાર્થો અનિત્ય છે. માત્ર આપ જ એક નિત્ય છો. વ્યવહારથી આ ભગવાનની સ્તુતિ છે પણ મૂળ તો વૃષભનો અર્થ જ "वृषति गच्छति इति परमपद" પોતાના પરમ પદને પામે તેને જ વૃષભ કહેવાય છે. ચોવીસેય તીર્થંકરના અર્થો આ રીતે આત્મામાં ઉતરે છે. બહારમાં વ્યવહારથી ભક્તિ તો હોય છે. સંતો મુનિઓને પણ સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે શુભરાગ આવે છે. સમંતભદ્ર આચાર્ય જેવા તથા કુંદકુંદ આચાર્ય જેવા મહા સમર્થ મુનિઓને પણ શુભરાગ હોય છે ત્યારે ત્રિલોકીનાથ ભગવાનની સ્તુતિ કરે છે. ક્ષાયિક સમકિતી ઇન્દ્ર, શક્રેન્દ્ર અને તેની દેવી શચી એકાવતારી પણ નંદીશ્વર જઈને ભગવાનની ભક્તિ કરે છે. પગે ઘુઘરા બાંધીને નાચે છે. ભગવાનની શાશ્વત પ્રતિમાઓ ત્યાં છે, ત્યાં દેવો અષ્ટાહ્નિકામાં વર્ષમાં ત્રણ વખત જાય છે અને બાળકની પેઠે નાચે છે. તેઓ જાણે છે કે આ જડની ક્રિયા છે, પણ રાગ જરા આવ્યો તે પુણ્યબંધનનું કારણ છે તથા મારા સ્વલક્ષે જેટલી એકાગ્રતા થાય તે સંવર-નિર્જરાનું કારણ છે. તેથી એ સ્વલક્ષ છોડયા વગર જ ભગવાનની ખૂબ ભક્તિ કરે છે.

અહીં કહે છે કે હે નાથ! સામાન્ય સ્વરૂપની અપેક્ષાએ આપ નિત્ય છો અર્થાત્ આપ જન્મ મરણથી રહિત છો અને આપને પ્રગટેલી વિશુદ્ધતા પણ કદિ નાશ પામતી નથી તથા આત્માના સ્વભાવનું ભાન કરીને આરાધક જીવને જે શુદ્ધિ પ્રગટી તેનો પણ નાશ થતો નથી, આરાધનાનો નાશ કરવા જગતનો કોઈ પદાર્થ સમર્થ નથી. આમ આ શ્લોકમાં સૂર્યને માટે રાહુ, અગ્નિને માટે પાણી, સમુદ્રને માટે વાયુ તથા સંસારના ભોગોને તેનો વિયોગ શત્રુ કહેવામાં આવ્યા છે. પરંતુ હે પ્રભુ! આપને કોઈ શત્રુ નથી અર્થાત્ જે આત્માનો આરાધક થયો તેની આરાધનાને કોઈ વિપક્ષ અર્થાત્ શત્રુ નથી. હે ભગવાન્! આ જગતમાં આપ જ એક વિનાશ રહિત છો. બાકી જગત આખું નાશવાન છે. ૨૬.

अजानतस्त्वां नमतः फलं यत्, तज्जानतोऽन्यं न तु देवतेति ।
हरिन्मणिं काचधिया दधानः, तं तस्य बुद्धया वहतो न रिक्तः ।। २७ ।।

વિન જાને ભી તુમ્હેં નમન કરને સે જો ફલ ફલતા હૈ,
વહ ઔરોં કો દેવ માન, નમન સે નહિ મિલતા હૈ;
જ્યોં મરકત કો કાચ માનકર, કરગત કરનેવાલા નર,
સમજ સુમણિ જો કાચ ગહે, ઉસકે સમ રહે ન ખાલી કર. ૨૭.

હવે કહે છે કે હે ભગવાન! આપને જાણ્યા વગર પણ આપની જે ભક્તિ કરે છે તેને જે ફળ મળે છે તેવું ફળ અન્ય રાગી-દ્વેષી જીવોને દેવ માનીને ભક્તિ કરનારને કદાપિ મળતું નથી.

જે જીવને આત્માનો અનુભવ હજુ થયો નથી પરંતુ આત્માનું લક્ષ થયું છે, આત્માની જ ચર્ચા, આત્માની જ વાર્તા જે જીવ પ્રસન્ન ચિત્તથી વારંવાર સાંભળે છે, તેને પણ મહાન ફળ મળે છે. તેથી જ પદ્મનંદી આચાર્યે કહ્યું કે જે જીવે આ આત્માની વાત પણ પ્રસન્ન ચિત્તથી સાંભળી છે તે જીવ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. માટે આત્માનો જેને હજુ અનુભવ થયો નથી પરંતુ શુદ્ધનયના લક્ષે વિકલ્પ અને પુણ્ય-પાપની રુચિ છોડીને જે ભગવાને બતાવેલા આત્માની વારંવાર ચર્ચા-વાર્તા કરે છે, પ્રેમથી આત્માની વાત સાંભળે છે અને સાચા દેવની જે ભક્તિ કરે છે તેને ભલે જ્ઞાન થોડું હોય તોપણ તેને જે ફળ મળે છે તેવું ફળ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને સાચા માનીને તેની ભક્તિ કરનારને કદાપિ મળતું નથી.

જેમ કોઈના હાથમાં નીલમણિ પ્રાપ્ત થયું છે અને તે જીવને નીલમણિની ઓળખાણ નથી તથા એક જીવનાં હાથમાં કાચનો ટુકડો છે અને તેને નીલમણિ સમજે છે તો આ બે જીવમાં બહુ ફેર છે. પેલાના હાથમાં ખરેખર નીલમણિ છે, તેને ઓળખાણ થાય એટલી જ વાર છે. ભલે તેણે હજુ નીલમણિને પરખ્યું નથી. પરંતુ જેણે નીલમણિને પરખીને હાથમાં લીધું છે તેની પાસે જે સંપત્તિ છે, તેટલી જ સંપત્તિ જેને ઓળખાણ નથી, છતાં હાથમાં નીલમણિ આવ્યું છે તેની પાસે છે, તેની સંપત્તિ પેલા કરતાં ઉતરતી નથી.

તેમ હે ભગવાન! જેને આપ મળ્યા છો, અને આપની જેને ભક્તિ છે તથા આપે બતાવેલા આત્માની વાત જે વારંવાર રુચિથી સાંભળે છે, તો તે જીવ સમ્યક્ સન્મુખ થયો છે. અલ્પકાળમાં તે આત્માનો અનુભવ કરશે જ. માટે તે જીવ પણ ઓછી ઋદ્ધિવાળો નથી. ગૃહીત મિથ્યાદૃષ્ટિ કરતાં આ જીવ ઘણો આગળ છે. તેને હજુ ભલે અનુભવ થયો નથી. પરંતુ અનુભવ થવાની તૈયારી છે તેથી તે જીવ પણ ઘણો ઊંચો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે જીવને શુદ્ધનયનો પક્ષ પણ કદિ આવ્યો નથી. હજુ તો વ્યવહારથી લાભ થશે, નિમિત્તથી લાભ થશે, રાગથી ધર્મ થશે તેમ માનનારને તો હજુ આત્માનું સાચું લક્ષ પણ બંધાયું નથી. જે જીવને શુદ્ધનયનો પક્ષ આવ્યો છે, આત્માની જ ચર્ચા આત્માની જ વિચારણા અને આત્માની પ્રાપ્તિનો જ એક પ્રયત્ન નિરંતર ચાલી રહ્યો છે તે જીવને પુણ્ય પણ એવું બંધાય છે કે જેના ફળમાં તેને અનંતકાળમાં નહિ મળેલી એવી પુણ્યની સામગ્રી તથા સાક્ષાત્ વીતરાગની વાણી આદિ સાંભળવા મળશે. રાગની આરાધના કરનાર મિથ્યાદૃષ્ટિને એવું પુણ્ય પણ બધાતું નથી.

જુઓ! નીલમણિ જેના હાથમાં છે, ભલે તેની પુરી ઓળખ તેને નથી તોપણ નીલમણિની ઓળખવાળાથી આની ઋદ્ધિ જરીએ ઓછી નથી. તેમ જેને આત્માનું લક્ષ થયું છે, શુદ્ધનયનો પક્ષ આવ્યો છે, અને આત્માને પ્રાપ્ત કરવા માટે જેનો પ્રયત્ન અને તૈયારી ચાલે છે તેને હજુ આત્માનો અનુભવ થયો નથી તોપણ તે અનુભવી જેવો છે. તેનાથી ઉતરતો નથી.

સાચા દેવ-ગુરુની ભક્તિ પૂર્વક તેમણે બતાવેલા આત્માની જેને રુચિ જાગી છે, તેને પ્રાપ્ત થયેલું અલ્પજ્ઞાન પણ પ્રસંશનીય છે. તેને અમે ઓછો નહિ કહીએ. પ્રભુ! સાચા દેવના આરાધનમાં એ ગયો છે તેનું મહાન ફળ છે. કુદેવ એટલે કે રાગના આરાધનમાં ગયેલાને કંઈપણ સાચું ફળ મળવાનું નથી. રાગને પૂજનારો ભલે નવમી ગ્રૈવેઈકમાં જાય તોપણ તેની કાંઈ કિંમત નથી. બન્નેના ફળમાં મોટું અંતર છે.

(ક્રમશઃ)

—o—

શ્રી સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢની ઓફિસ માટે નીચેની જગ્યાઓ માટે અરજીઓ માગવામાં આવે છે:—

૧. મદદનીશ મેનેજર

લાયકાત :—ઓફિસનાં વહીવટી કામનો અનુભવ; ગુજરાતી પત્રવ્યવહાર તથા ગુજરાતી પાકા નામાનો જાણકાર, અંગ્રેજી તથા હીન્દી ભાષાનું જ્ઞાન હોય તો વધારે ઇચ્છનીય ગણાશે.

૨. કારકુન પુસ્તક વિભાગ

એકાઉન્ટનું સાધારણ જ્ઞાન જરૂરી.

ઉપરની બંને જગ્યાઓ માટે જૈન મુમુક્ષુને પહેલી પસંદગી આપવામાં આવશે.

ઉમેદવારે ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા બીજે કામ કર્યું હોય તો તેના સર્ટીફિકેટોની નકલો સાથે નીચે જણાવેલ સરનામે તા. ૩૦-૯-૮૩ સુધીમાં અરજી મોકલી આપવી.

કાર્યવાહક કમીટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

* વૈરાગ્યજનની : બાર ભાવના *

[શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આ સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં બાર વૈરાગ્ય ભાવનાઓનું વર્ણન ચાલે છે. તેમાં લક્ષ્મી વગેરેની અનિત્યતાનું વર્ણન કરે છે. દરેક વસ્તુની અવસ્થા ક્ષણે ક્ષણે બદલે છે –એવો તેનો સ્વભાવ છે, ને દ્રવ્યપણે વસ્તુ ધ્રુવ રહે છે. ત્યાં અજ્ઞાની જીવને ધ્રુવવસ્તુનું ભાન નથી, એટલે પર્યાયની રુચિ છે, તેથી પર્યાય પલટતી દેખીને તેને રાગ-દ્વેષ થાય છે. જેને ધ્રુવ વસ્તુની રુચિ છે, એવા ધર્મી જીવને પર્યાય પલટતી દેખીને પર્યાયની બુદ્ધિથી રાગ-દ્વેષ થતા નથી. પદાર્થની પર્યાય ક્ષણે ક્ષણે પલટે છે, તે પર્યાય જેટલી જ વસ્તુને માની અજ્ઞાનીને હર્ષ-શોક થાય છે, તે મિથ્યાત્વ ભાવ સહિતના હર્ષ–શોક છે. સમ્યગ્દૃષ્ટિને અલ્પ રાગ-દ્વેષ થાય પણ તેને પર્યાયની બુદ્ધિ નથી એટલે કે એકલી પર્યાયને જ તે નથી દેખતો, ધ્રુવ વસ્તુના ભાનપૂર્વક પર્યાયને ક્ષણિક જાણે છે. અજ્ઞાનીને ધ્રુવ વસ્તુનું ભાન નથી. તે તો ક્ષણિક પર્યાયને જ દેખે છે, એટલે તેને પર્યાયબુદ્ધિના રાગ-દ્વેષ થાય છે. અહીં અનિત્ય ભાવનામાં પર્યાયની અધ્રુવતા બતાવીને પર્યાયબુદ્ધિ છોડાવે છે. ધ્રુવવસ્તુના ભાનપૂર્વકની અનિત્ય ભાવનાનું આ વર્ણન છે.

લક્ષ્મી વિગેરે અધ્રુવ છે. જેના ઘરે ૮૪ લાખ હાથી ઝૂલતા હોય એવા ચક્રવર્તીને પણ તે હાથી વિગેરેની સંપદા ધ્રુવ નથી રહેતી; સંયોગ તેના કારણે આવ્યો ને તેનો કાળ પૂરો થતા ચાલ્યો જાય છે. આત્માના પ્રયત્નથી સંયોગો આવતા નથી; પૂર્વનાં પુણ્યના નિમિત્તે લક્ષ્મી આવે છે, પણ ચૈતન્ય સ્વભાવની સાથે તે લક્ષ્મી ધ્રુવ નથી રહેતી તો પછી સાધારણ પુણ્યહીન જીવોની પાસે લક્ષ્મી કેમ ધ્રુવ રહેશે?

"લક્ષ્મી ધ્રુવ નથી" એમ જાણીને તેની પ્રીતિ છોડવી ને ધ્રુવ એવા નિજ દ્રવ્યની પ્રીતિ કરવી–તે અનિત્ય ભાવનાનું પ્રયોજન છે. નદીમાં પાણી આવ્યું એમ અજ્ઞાની દેખે છે. જ્ઞાની કહે છે કે પાણીનો પ્રવાહ ચાલ્યો જાય છે; તેમ સંયોગ મારી પાસે આવ્યા–એમ અજ્ઞાની સંયોગ સાથે એકત્વબુદ્ધિ કરે છે, ને ધર્મી તો જાણે છે કે આ પદાર્થો ક્ષણે ક્ષણે તેમના પર્યાય ધર્મથી પલટી રહ્યા છે, તે મારે કારણે આવ્યા નથી, ને મારા કારણે રહેવાના નથી. ધર્મી ચક્રવર્તીને નવનિધાન ને છ ખંડના રાજનો સંયોગ હોય પણ અંતરમાં એક રજકણના સંયોગને પણ પોતાનો નથી માનતા. જેમ દરિયાનું મોજું ઊછળે છે તે પાછું દરિયામાં જ સમાઈ જાય છે બહાર નથી નીકળતું, તેમ સંયોગો આવ્યા તે પર દ્રવ્યની પર્યાયનો ઉત્પાદ છે ને બીજી ક્ષણે તેની પર્યાયનો વ્યય થઈને તેનામાં જ સમાય છે. તે પદાર્થ મારી પાસે આવ્યો નથી–આમ ધર્મી જાણે છે. તેથી

તેને પદાર્થના સંયોગ વખતે હર્ષ કે વિયોગ વખતે શોક થતો નથી. ધ્રુવ વસ્તુની રુચિની મુખ્યતા છે ત્યાં અલ્પ રાગ-દ્વેષ થાય તેની મુખ્યતા નથી, કેમ કે પર્યાયબુદ્ધિ નથી.

લક્ષ્મીનો સંયોગ આવ્યો ને લાખ રૂપિયા દાનમાં ગયા ત્યાં લાખ રૂપિયા ગયા તે તેના પર્યાયધર્મથી જ ગયા છે; આત્માએ તેને આપ્યા નથી. ત્યાં લક્ષ્મી ખરચવાનું અભિમાન કરે-માન કષાય કરે તો તો પાપ ભાવ છે. તે વખતે શુભભાવ હોય તો પુણ્યભાવ છે, પણ જો એમ માને કે મેં શુભ ભાવ કર્યો તેને લીધે આ લક્ષ્મી દાનમાં વપરાણી; તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અલ્પ શુભ રાગની સાથે મિથ્યાત્વનું મોટું પાપ તેને બંધાય છે, એટલે "મીંદડું કાઢતા ઊંટડું પેઠું" એના જેવું થયું. અજ્ઞાની લક્ષ્મી વિગેરેનું કર્તાપણું માનીને દાન વગેરેનો કાંઈક શુભરાગ કરે તેમાં તેને પુણ્ય છે, પણ સાથે ઊંધી માન્યતાને સેવે છે, તેથી તેને મિથ્યાત્વનું પાપ ભેગું લાગે છે. દાનનો શુભરાગ થયો તે કાંઈ પાપ નથી પણ ઊંધી માન્યતા છે તે પાપ છે, માટે પહેલાં યથાર્થ વસ્તુસ્વરૂપને ઓળખવું જોઈએ. આ બાર ભાવનામાં યથાર્થ વસ્તુ-સ્વરૂપનું વર્ણન ભેગું છે.

જેને ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિ છે તે જીવ ક્ષણિક સંયોગ-વિયોગને પોતાના કારણે માનતો નથી, એટલે તેને મમતા ઘટયા વિના રહેતી નથી. અહો! મારો ચિદાનંદ સ્વભાવ મમતા રહિત છે. એક રજકણ પણ મારા કારણે આવતો કે જતો નથી. આવું જેને ભાન થાય તેને પરની મમતા કેટલી છૂટી જાય! માટે જેને ધ્રુવની દૃષ્ટિ છે તેને લક્ષ્મી વિગેરેની અનિત્યતાની યથાર્થ ભાવના હોય છે.

વળી લક્ષ્મી વગેરેને સ્થિર રાખવાનું કોઈ અભિમાન કરે તો તે મિથ્યા છે-એમ હવે ૧૧ મી ગાથામાં કહે છે.

कुत्र अपि न रमते लक्ष्मीः कूलीनधीरे अपि पण्डिते शूरे।
पूज्ये धर्मिष्टे अपि च सुरूपसुजने महासत्वे ॥ ११ ॥

અર્થ:—આ લક્ષ્મી-સંપદા, કુલવાન, ધૈર્યવાન, પંડિત, સુભટ પૂજ્ય ધર્માત્મા, રૂપવાન, સુજન અને મહા પરાક્રમી ઇત્યાદિ કોઈ પુરુષોમાં પણ રાચતી નથી.

દસ દસ પેઢીથી લક્ષ્મી ચાલી આવે છે, તો હવે તે મારી પાસેથી ક્યાં જવાની છે?-એમ અજ્ઞાની અભિમાન કરે, પણ તેને ભાન નથી કે લક્ષ્મી આવી તે તેના કારણે ને જાય તોપણ તેના કારણે, ભલે પેઢી દર પેઢીથી લક્ષ્મી ચાલી આવતી હોય, પણ ક્ષણમાં તે બીજે ચાલી જશે. કેમ કે તેની પર્યાય અધ્રુવ છે. વળી હું મોટા કુળનો છું માટે મારી પાસેથી લક્ષ્મી નહિ જાય—એમ માને તો તે પણ મિથ્યા છે. લક્ષ્મીની પર્યાય પલટતાં

તે એક ક્ષણ પણ રહેવાની નથી. રહે તોપણ તેના કારણે ને જાય તોપણ તેના કારણે; બીજાના કારણે તે એક ક્ષણ પણ રહેતી નથી.

કોઈ એમ માને કે હું તો ધીરજવાન છું માટે મારી લક્ષ્મી હું કેમ ગુમાવીશ ? અરે ભાઈ ! તારી ધીરજ તો તારી પર્યાયમાં રહે છે કે લક્ષ્મીમાં ? તો લક્ષ્મીની પર્યાય પલટતી કેમ અટકી જશે ? ક્ષણમાં લક્ષ્મીની પર્યાય પલટી જશે માટે તેનું અભિમાન છોડ, તારી ધીરજ તારી પર્યાયમાં, ને લક્ષ્મીનો સંયોગ-વિયોગ લક્ષ્મીની પર્યાયમાં; "અમે તો વેપાર-ધંધામાં ધીરજથી રૂખ જોઇને કામ લઇએ, ઉતાવળ ન કરીએ. તેથી અમારી લક્ષ્મી ક્યાંય ચાલી નહિ જાય"—આમ અભિમાન કરીને લક્ષ્મીને ધ્રુવ માની બેસે છે, તે મૂઢ છે, તેને અધ્રુવતાનું ભાન નથી. અરે ભાઈ ! લક્ષ્મી દાટી રાખીશ તોય તેનું પરિણમન ફરીને તે કોલસા થઈ જશે, માટે તેનું અભિમાન છોડ. તેનું પરિણમન તારું રાખ્યું નહિ રહે. બે માણસોએ રૂપિયા દાટયા હતા. અમુક વખત પછી જોયું તો ત્યાં રૂપિયાને બદલે ધૂળ ! કોઇએ તે રૂપિયા કાઢી લીધા ન હતા, પણ તે રૂપિયા પલટી ધૂળ થઈ ગઈ. વસ્તુની પર્યાયનો સ્વભાવ છે કે ક્ષણમાં પલટી જાય.

વળી કોઈ માને કે હું પંડિત અને ડાહ્યો છું માટે મારી બુદ્ધિથી લક્ષ્મીને ટકાવી રાખીશ, મારી લક્ષ્મીને જવા નહિ દઉં. તો કહે છે કે અરે ભાઈ ! શું તારી વિદ્યાના કારણે કાંઈ લક્ષ્મી જતી અટકી જશે ? તેની પર્યાયના કાળે તે ચાલી જશે, તેમાં તારી લાખ બુદ્ધિનું ડહાપણ પણ કામ નહિ આવે.

પંડિત છું માટે મારી લક્ષ્મી કોઈ ન લ્યે, મને તો સામેથી આપે—આવી અજ્ઞાનીની બુદ્ધિ છે. અરે મૂઢ ! પરમાણુની પર્યાય ક્ષણમાં પલટી જશે. તેની પર્યાયમાં તારી બુદ્ધિ નહિ કામ આવે. પુણ્ય ફરતાં ક્ષણમાં લક્ષ્મી ચાલી જશે.

"હું બળવાન સુભટ છું કોની તાકાત છે કે મારી લક્ષ્મી લઈ શકે ?" એમ અભિમાન કરે, પણ ભાઈ ! લક્ષ્મી જવા ટાણે તારાથી નહિ રોકી શકાય !

પરમાણુની પર્યાયમાં તારું બળ કામ નહિ આવે. આ સમજે તો પર દ્રવ્યનું અભિમાન ઊડી જાય ને અંદરમાં ધ્રુવ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવના અવલંબને શાંતિ પ્રગટે.

હું તો પૂજ્ય છું. લોકો મને બહુમાન આપે છે માટે મારી લક્ષ્મીને કોણ લ્યે ? -એમ માનીને લક્ષ્મીને સ્થિર માની રહ્યા છે, તે અજ્ઞાની છે.

"હું ધર્મી છું, વ્રત-તપ કરું છું, તો મારી લક્ષ્મી ક્યાં જશે ? ધર્મથી તો મને લક્ષ્મી મળશે" આમ અજ્ઞાની માને છે. અહીં સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માની વાત નથી. કેમ કે સમ્યગ્દ્રષ્ટિને તો ધ્રુવ-ચિદાનંદ સ્વભાવની ભાવના છે, ને લક્ષ્મીને તે અધ્રુવ જાણે છે. અહીં

તો મિથ્યાદૃષ્ટિ જીવ વ્રત–જાત્રા અને મંદ કષાય કરીને પોતાને ધર્માત્મા માનતો હોય તેવા જીવની વાત છે, તે લક્ષ્મી વગેરેનું અભિમાન કરે છે. પણ મૂઢ! બહારની લક્ષ્મી મળવી તે કાંઈ ધર્મનું ફળ નથી. વળી અમારા ઘરમાં તો ભગવાનને પધરાવ્યા છે, તેથી અમારા ઘરમાંથી લક્ષ્મી કદી જાય નહિ–એમ માને તો તે પણ મૂઢ જીવની માન્યતા છે. તારા શુભ પરિણામ હોય તેથી કાંઈ લક્ષ્મી જતી અટકી નહિ જાય. પૂર્વના પુણ્ય ખૂટશે તો ક્ષણમાં લક્ષ્મી ચાલી જશે. જુઓ, આ પર્યાયધર્મને અનિત્ય સમજીને ધ્રુવ દ્રવ્યની ભાવના કરવા માટેની વાત છે. ધ્રુવ દ્રવ્યને સમજ્યા વગર એમ ને એમ લક્ષ્મી છોડીને ભાગે–તેને કાંઈ અનિત્ય ભાવના કહેવાય નહિ. અનિત્ય ભાવના ભાવનારની દૃષ્ટિ ધ્રુવ દ્રવ્ય ઉપર હોય છે.

કોઈ એમ માને કે હું રૂપવાન છું માટે લક્ષ્મી નહિ જાય. મારા શરીરના અવયવોમાં ખામી નથી, તો લક્ષ્મીમાં ખામી કેમ પડશે? પણ તે વાત મિથ્યા છે.

એ જ પ્રમાણે કોઈ સજ્જન અને પરોપકારી હોય છતાં, લક્ષ્મી તો અધ્રુવ છે, તે ક્ષણમાં ચાલી જશે. હું સજ્જન છું માટે તે મારી પાસે ધ્રુવ રહે છે–એવો વિચાર મિથ્યા છે.

વળી હું મહા પરાક્રમી છું, તેથી લક્ષ્મીને જવા નહિ દઉં–એમ માને તો તે વિચાર પણ મિથ્યા છે. લક્ષ્મી તો જોત જોતામાં વિલય પામી જાય છે. તે કોઈથી રાખી રહેતી નથી, માટે તેને સ્થિર રાખવાનું અભિમાન છોડ, તારી ધ્રુવ–ચૈતન્ય સંપદા સદા સ્થિર છે તેને ઓળખીને તેની ભાવના કર. ૧૧.

હવે પૂછે છે કે અમને લક્ષ્મીનો જે સંયોગ મળ્યો છે તે અધ્રુવ છે તો તેનું શું કરવું? તેનો ઉત્તર કહે છે:—

तावत् भुज्यतां लक्ष्मीः दीयतां दानं दयाप्रधानेन।
या जलतरङ्गाच्चपला द्वित्रिदिनानि चेष्टेते ॥ १२ ॥

અર્થ:—આ લક્ષ્મી જલતરંગની માફક ચંચલ છે, એટલે જ્યાં સુધી તે બે–ચાર દિવસ સુધી ચેષ્ટા કરે છે–મોજુદ છે ત્યાં સુધી તેને ભોગવો વા દયા પ્રધાની થઈને દાનમાં આપો.

અહીં લક્ષ્મી ભોગવવાનું કહ્યું છે તેમાં એવો આશય છે કે લક્ષ્મીની તીવ્ર મમતા છોડીને કાંઇક મંદ પરિણામ થાય, તીવ્ર લોભથી લક્ષ્મીને રાખી મુકવાની ભાવના કર્યા કરે ને ખરચવામાં કંજુસાઇ કરે તો તેને કહે છે કે અરે ભાઈ! તારી લક્ષ્મી અધ્રુવ છે માટે જિનેન્દ્ર–ભક્તિ વગેરે કાર્યોમાં લક્ષ્મીનો ઉપયોગ કરો, દાન વગેરેમાં વાપરો તથા તેને ભોગવો.

અહીં પ્રશ્ન થાય છે કે લક્ષ્મીને ભોગવવામાં તો પાપ થાય છે તો તેને ભોગવવાનું કેમ કહ્યું ? તેનો ઉત્તર :—

માત્ર સંચય કરી રાખવામાં પ્રથમ તો મમત્વ ઘણું થાય છે તથા કોઈ કારણવશ તે વિનાશ પામી જાય તે વખતે વિષાદ–ખેદ ઘણો થાય છે અને વળી આસક્તપણાથી નિરંતર કષાય તીવ્રમલિન રહે છે, પરંતુ તેને ભોગવવામાં પરિણામ ઉદાર રહે છે—તીવ્ર રહેતા નથી.

ઉદાર પરિણામ હોય તો લક્ષ્મી વગેરે જતાં તેને તીવ્ર સંક્લેશભાવ ન થાય. તીવ્ર કંજુસાઈ હોય તેને તો કાંઈક ખોટ જતાં મહા સંક્લેશભાવ થાય છે; તેને બદલે જો લક્ષ્મીની આસક્તિ ઘટાડીને તેને વાપરતો હોય તો પરિણામમાં કાંઈક ઉદારતા રહે. ભોગવવાનો ભાવ તો પાપ છે, પણ ઉદારવૃત્તિ કરાવવા અર્થે કહે છે કે તું લક્ષ્મીને ભોગવ. પાંચ કરોડની મૂડી હોય ને પાઈ ખરચતાં પરસેવો છૂટતો હોય તેવા ને કહે છે કે અરે ભાઈ! તારી લક્ષ્મીને ભોગવ તો ખરો ! તીવ્ર સંક્લેશ પરિણામ છૂટીને કાંઈક ઉદારતાના પરિણામ થાય—એટલી અપેક્ષાએ આ કથન સમજવું. લાખો—કરોડો રૂપિયા હોય ને દાનમાં પણ વાપરે નહિ ને પોતાના માટે પણ વાપરે નહિ તેને તો તીવ્ર લોભ પરિણામ છે. પોતાને માટે લક્ષ્મી ખરચવાની ઉદારતા હશે તો કોઈક વાર તેને દાન વગેરેમાં ખરચવાનો પણ અવકાશ રહેશે. એવા આશયથી આ ઉપદેશ સમજવો. પણ જે પોતા માટે પણ એક પાઈ ખરચી ન શકતો હોય તે બીજે દાનાદિમાં તો કેમ ખરચશે ? માટે ફૂણા પરિણામ અર્થે આ ઉપદેશ છે. લક્ષ્મીને ભોગવવામાં 'ગુણ' કહ્યો તે ધર્મની વાત ન સમજવી. પણ મંદ પરિણામ અપેક્ષાએ તેને ગુણ કહ્યો છે, ધ્રુવ સ્વભાવનું ભાન કરીને લક્ષ્મી વગેરેનો સર્વથા ત્યાગ કરે તે તો ઉત્તમ છે, તેને માટે કાંઈ લક્ષ્મી ભોગવવાનો ઉપદેશ નથી.

પરની પર્યાય પરના કારણે ન માનતાં પોતાના કારણે માને છે તેને પર્યાય મૂઢતાથી તીવ્ર રાગ–દ્વેષ થાય છે; ને સ્વદ્રવ્ય તરફની ભાવના તેને હોતી નથી.

અહીં અનિત્ય ભાવનામાં એમ બતાવે છે કે ભાઈ! પરદ્રવ્યની પર્યાય તેના સ્વભાવથી ક્ષણે ક્ષણે પલટાય છે. તારા કારણે તેની પર્યાય થતી નથી ને તારી રાખી તે રહેતી નથી—માટે તેના પરિણમનમાં હર્ષ–શોક છોડીને તારા ધ્રુવ–સ્વભાવની ભાવના કર. ધ્રુવસ્વભાવની ભાવના કરતાં પર્યાયમાં શુદ્ધતાની વૃદ્ધિ થતી જાય છે ને રાગ–દ્વેષ છૂટતાં જાય છે, તે જ ખરી ભાવના છે. (ક્રમશઃ)

પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્જયંતી પ્રસંગે દાનમાં જાહેર થયેલી રકમો:—

(ગતાંકથી ચાલુ)

૫૧×૫ મગનલાલ નારણજી પટેલ
૫૧×૫ શાંતિલાલ ચુનિલાલ ખાટડીયા
૫૧×૪ કુંજલતાબેન રસીકલાલ મહેતા
૫૧×૩ હિંમતલાલ હરિલાલ શાહ

૫૧×૨ ની રકમ

કમળાબેન ચંદ્રકાંત વોરા
કુસુમબેન જેઠાલાલ — ખાર
સુરજબેન વૃજલાલ — માટુંગા
વાસંતીબેન છાબડા
કસ્તુરબેન તથા ચંપાબેન — વડાલા
ચંદ્રાબેન પુનમચંદ લુહાડીયા
અનીલભાઈ મલુકચંદ કામદાર
હીરાબેન અજમેરા
જયાબેન મણીલાલ શાહ
ચંચળબેન છગનલાલ અજમેરા
મોહનલાલ બેચરદાસ મોદી — ઘાટકોપર
જગજીવન નાગરદાસ જોબાલિયા

હસ્તે ધરમચંદભાઈ — સોનગઢ

સુરત દિ. જૈન મુમુક્ષુ મંડળ — સુરત
હરિભાઈ પરબતભાઈ પટેલ — સુરત
કપુરચંદભાઈ કોઠારી નંદરબારવાળા

હસ્તે તારાબેન

પારસકુમાર રવીન્દ્રભાઈ મહેતા — ભાવનગર
ચંદુભાઈ ત્રિભોવનદાસ ઘડીયાળી — મોરબી

૫૧×૨ ની રકમ

ડો. નવરંગભાઈ મોદી — રાજકોટ
બ્ર. કોકિલાબેન તથા રૂપાબેન ખાર સોનગઢ
નવલચંદ જગજીવન શાહ

હસ્તે મુક્તાબેન — સોનગઢ

સંઘવી રતિલાલ માણેકચંદ — મોરબી
કેશવલાલ વૃજલાલ કોઠારી — મુંબઈ
ચંદુલાવ શીવલાલ સંઘવી — અમદાવાદ
ડો. ચંદુભાઈ કામદાર — રાજકોટ
ચીમનલાલ છોટાલાલ જોબાલીયા — મુંબઈ
મનસુખલાલ જીવણલાલ — અમદાવાદ

હસ્તે બ્ર. પ્રેમીલાબેન

હીંમતલાલ હરગોવિંદદાસ — ભાવનગર
ધીરજલાલ ફૂલચંદ તંબોળી — ભાવનગર
દિ૦ જૈન યુવક મંડળ — વઢવાણસીટી
વૃજલાલ કેશવચંદ સંઘવી — વાંકાનેર
મોતીબેન ન્યાલચંદ — વાંકાનેર
ગોંડલ દિ૦ જૈન મુ. મંડળ — ગોંડલ
નગીનદાસ હીરાલાલ ભાયાણી — ભાવનગર
લાલચંદ અમરચંદ મોદી — રાજકોટ
બાબુલાલ માણેકલાલ શાહ — ખાર
કાંતિલાલ લલ્લુભાઈ મહેતા — ભાવનગર
શાંતીલાલ દલીચંદ શાહ — કલકત્તા
ધીરજલાલ હીરાલાલ ભાયાણી — ભાવનગર

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના વિવિધ દાનખાતાઓ માટે દાતાઓ તરફથી જાહેર કરવામાં આવેલી દાનરાશિ :—

[પૂજ્ય ગુરુદેવશ્રીના સદુપદેશના પ્રભાવથી લોભકષાય ઘટાડીને ધર્મપ્રભાવના માટે દાન આપતા દાતારોને પ્રોત્સાહિત કરવા તથા અન્ય સાધર્મીઓને પ્રેરણાહેતુએ પ્રગટ કરવામાં આવતી નામાવલિ]

૨૫૦૦૩	સ્વ. શ્રી ખીમચંદભાઈ જેઠાલાલ શેઠના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી હસ્તે ભરતભાઈ	રાજકોટ
૩૧૬૨	સ્વ. શ્રી રતિલાલ રાયચંદ શાહ	ઘાટકોપર
૧૫૫૪	સ્વ. શ્રી શાંતીલાલ ડાકરશી શાહ હ. લીલાવંતીબેન	ઘાટકોપર
૫૦૪	શાહ બુદ્ધાલાલ પુરૂષોતમદાસ	કાંદીવલી
૧૫૨	સુશીલાબેન છોટાભાઈ શાહ	કલકત્તા
૨૦૧	મૌલિનકુમાર નરેન્દ્ર જૈન	દિલ્હી
૫૦૨	હીંમતલાલ કેશવલાલ સંઘવી	મુંબઈ
૫૦૧	સ્વ. શ્રી કાંતીલાલ વિઠ્ઠલજી માવાણી	મુંબઈ
૨૦૧	ભારતીબેન લલિતભાઈ મિઠાણી	મુંબઈ
૩૦૩	મનસુખલાલ બોટાદરા	કલકત્તા
૧૦૨	પ્રકાશચંદ્ર ઝાંઝરી	ઉજ્જૈન
૧૦૧	રમેશચંદ્ર વૃજલાલ શાહ	જલગાંવ
૧૦૧	મનસુખલાલ વૃજલાલ શાહ	સોનગઢ
૧૦૧	કાંતાબેન મનસુખલાલ	સોનગઢ
૧૪૫	પ્રભુદાસ તારાચંદ કામદાર	સોનગઢ
૧૪,૬૬૯	શ્રી વેલજીભાઈ મેપા રૂપા પરીવાર	લંડન
૧૮૦૦	,, દિ. જૈન મુમુક્ષુ મંડળ	ગૌહતી
૧૨૫૧	,, કેસરીબેન વી શાહ	મુંબઈ
૨૫૧	લીલાબેન કાંતીલાલ માલાણી	પાર્લા
૨૦૧	પ્રાણકુંવરબેન છોટાલાલ અજમેરા	દામનગર
૪૭૦	ભભુતમલજી ભંડારી	બેંગલોર
૨૮૨	માંગીલાલજી ભંડારી	બેંગલોર
૧૮૮	હર્ષદભાઇ બાટવીયા	બેંગલોર
૧૮૮	શ્રીમતી નિર્મળાબેન દોશી	બેંગલોર
૨૦૦	જસરાજજી જૈન	બેંગલોર
૨૦૧	રાજશ્રીબેન	ખંડવા
૧૦૧	શાંતિલાલ ભાયલાલ	
૧૦૧	સરોજબેન પ્રતાપરાય	નાગપુર
૧૦૧	જમનાદાસ તારાચંદ કાપડીયા	મુંબઈ
૧૦૧	કિશોર પરમાણંદદાસ શાહ	મલાડ
૧૦૧	રમણીકલાલ લાલચંદ અજમેરા	
૧૦૧	છોટાલાલ કેશવજી ભાયાણી	લાઠી
૧૧૫૫	,, નંદલાલ શીવલાલ કામદાર	વઢવાણ સીટી
૧૦૦૨	,, મીઠાલાલ મગનલાલ	હીંમતનગર
૫૭૫	,, પ્રેમચંદભાઈ. એમ શાહ	લંડન
૮૫૧	,, એક મુમુક્ષુભાઈ	લંડન
૧૦૧	,, પન્નાલાલ ખેમરાજ જૈન	ખેરાગઢ

૨૫૧	,, ડાયાભાઈ સામચંદ શાહ	દેહગામ	૧૦૧	શ્રી ચંદ્રકાન્ત ઉજમશીભાઈ મહેતા	મુંબઈ
૫૦૧	,, જયાબેન રમણીકલાલ મહેતા	લંડન	૧૦૧	,, બીપીનભાઈ જે. શાહ	ઘાટકોપર
૧૦૧	,, કાન્તીલાલ અમીચંદ કામદાર	મદ્રાસ	૨૦૧	,, શારદાબાઈ નાગોજી	અંદુચ
૨૫૧	,, હીરાભાઈ મહેતા	રાજકોટ	૧૬૪	,, ચંપાબેન મકનજીભાઈ	સોનગઢ
૨૦૧	સ્વ. શ્રી મોંઘીબેન પ્રેમચંદ શાહ	વીંછીયા	૪૦૩	,, અતુલકુમાર ચીમનલાલ સોગઠી	જલગાંવ

૯૪ મી જન્મજયંતી પ્રસંગે આરતી

૧૧૭૫	શ્રી મનુભાઇ મુળજી ખારા	રાજકોટ	૧૫૨-૫૦	હીરાલાલ ચુનિલાલ ભાયાણી	ભાવનગર
૧૫૨-૫૦	,, ચીમનલાલ તથા ગીરધરલાલ ઠાકરશી મોદી	મલાડ	૧૫૨-૫૦	હરગોવિંદ લાલચંદ ગોપાણી	અમદાવાદ
૩૫૨-૫૦	તખતરાજજી વનાજી	કલકત્તા	૧૨૭-૫૦	નગીનદાસ હરગોવિંદ અજમેરા	મલાડ
૨૫૨-૫૦	ભાયાલાલ ઘેલાભાઈ	મદ્રાસ	૧૨૭-૫૦	શારદાબેન રમણીકલાલ	વઢવાણ

—o—

પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રીની ૭૦ મી જન્મજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લખાણી તે પ્રસંગની ખુશાલીમાં જાહેર થયેલી દાનરાશિ :—

૫૦૧ શ્રી હીરાલાલજી કાલા	ભાવનગર	સમતાબેન રતિલાલ ઢોલકર	સોનગઢ
૭૦×૫ શ્રી વૃજલાલ મગનલાલ શાહ	જલગાંવ	બ્ર. નિર્મળાબેન ભાયાણી	,,
૭૦×૩ એક મુમુક્ષુભાઈ તરફથી		તખતરાજજી વનાજી	કલકત્તા
૭૦×૨ ની રકમો		પૂજા રવિન્દ્રકુમાર મહેતા	ભાવનગર
શ્રી પ્રવીણભાઇ વોરા	મુંબઈ	શ્રીમતી મંજુલાબેન તથા ઈલાબેન	સોનગઢ
બ્ર. કોકીલાબેન તથા રૂપાબેન	સોનગઢ	બ્ર. ચંદુભાઈ ખીમચંદ ઝોબાલીયા	,,
શ્રી શાન્તીભાઈ તથા કાન્તીભાઈ	,,	શ્રી પ્રવીણભાઈ વોરા	વડોદરા
શ્રી હીંમતલાલ હરગોવીન્દદાસ	ભાવનગર	શ્રી હસમુખભાઈ ગાંધી	ભાવનગર
શ્રી વીરચંદભાઈ માલદે	સોનગઢ	૧૦૧ શ્રી મરઘાબેન ધીરજલાલ	સોનગઢ
બ્ર. નીલાબેન ઘડીયાળી	,,	૧×૭૦ ની કુલ રકમો ૭૦×૩૪	

* *

૨૦૨	શ્રી મંજુલાબેન ભાઈલાલ વોરા	કલકતા
૨૫૧	,, ડાયાભાઇ સોમચંદ શાહ	દેહગામ
૫૦૧	,, જયાબેન રમણીકલાલ મહેતા	લંડન
૧૦૧	,, કાન્તીલાલ અમીચંદ કામદાર	મદ્રાસ
૨૫૧	,, હીરાભાઈ મહેતા	રાજકોટ
૨૦૧	સ્વ. શ્રી મોંઘીબેન પ્રેમચંદ શાહ	વીંછીયા
૨૮૫	સ્વ. શ્રી અજવાળીબેન પ્રાણલાલ દેશાઈ	મુંબઇ
૧૦૧	શ્રી ચંદ્રકાન્ત ઉજમશીભાઈ મહેતા	મુંબઈ
૧૦૧	,, બીપીનભાઈ જે. શાહ	ઘાટકોપર
૨૦૧	,, શારદાબાઈ નાગોજી	અંદુચ
૧૬૪	,, ચંપાબેન મકનજીભાઈ	સોનગઢ
૪૦૩	,, અતુલકુમાર ચીમનલાલ સોગઠી	જલગાંવ

૯૪ મી જન્મજયંતી પ્રસંગે આરતી

૧૧૭૫	શ્રી મનુભાઇ મુળજી ખારા	રાજકોટ
૧૫૨-૫૦	,, ચીમનલાલ તથા ગીરધરલાલ ઠાકરશી મોદી	મલાડ
૩૫૨-૫૦	તખતરાજજી વનાજી	કલકત્તા
૨૫૨-૫૦	ભાયાલાલ ઘેલાભાઈ	મદ્રાસ
૧૫૨-૫૦	હીરાલાલ ચુનિલાલ ભાયાણી	ભાવનગર
૧૫૨-૫૦	હરગોવિંદ લાલચંદ ગોપાણી	અમદાવાદ
૧૨૭-૫૦	નગીનદાસ હરગોવિંદ અજમેરા	મલાડ
૧૨૭-૫૦	શારદાબેન રમણીકલાલ	વઢવાણ

—o—

પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રીની ૭૦ મી જન્મજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લખાણી તે પ્રસંગની ખુશાલીમાં જાહેર થયેલી દાનરાશિ :—

૫૦૧ શ્રી હીરાલાલજી કાલા	ભાવનગર	
૭૦×૫ શ્રી વૃજલાલ મગનલાલ શાહ	જલગાંવ	
૭૦×૩ એક મુમુક્ષુભાઈ તરફથી		
૭૦×૨ ની રકમો		
શ્રી પ્રવીણભાઇ વોરા	મુંબઈ	
બ્ર. કોકીલાબેન તથા રૂપાબેન	સોનગઢ	
શ્રી શાન્તીભાઈ તથા કાન્તીભાઈ	,,	
શ્રી હીંમતલાલ હરગોવીન્દદાસ	ભાવનગર	
શ્રી વીરચંદભાઈ માલદે	સોનગઢ	
બ્ર. નીલાબેન ઘડીયાળી	,,	
સમતાબેન રતિલાલ હોલકર	સોનગઢ	
બ્ર. નિર્મળાબેન ભાયાણી	,,	
તખતરાજજી વનાજી	કલકત્તા	
પૂજા રવિન્દ્રકુમાર મહેતા	ભાવનગર	
શ્રીમતી મંજુલાબેન તથા ઈલાબેન	સોનગઢ	
બ્ર. ચંદુભાઈ ખીમચંદ ઝોબાલીયા	,,	
શ્રી પ્રવીણભાઈ વોરા	વડોદરા	
શ્રી હસમુખભાઈ ગાંધી	ભાવનગર	
૧૦૧ શ્રી મરઘાબેન ધીરજલાલ	સોનગઢ	
૧×૭૦ ની કુલ રકમો ૭૦×૩૪		

* *